મુંબાઈ ઈલાકાની ભૂગોળ

૩૫૨

[illegible]

ભાઈશંકર કુબેરજી મેહતા

[illegible]

પ્રકાશક:

[illegible]

[illegible]

[illegible]

[illegible] ૧૯૦૭ [illegible]

[illegible]

[illegible]

કિંમત ૦-૧-૦

ચારે બાજૂએ પાણીથી વીંટાએલા જમીનના ભાગને બેટ કે द्विप કહેછે.

જમીનનો જે ભાગ ત્રણ બાજૂએ પાણીથી અને એક બાજૂએ જમીનથી વીંટાએલો હોય તેને द्विपकल्प કહેછે.

જે સાંકડો જમીનનો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધેછે તેને संयोगभूमी કહેછે.

જમીનની જે અણી લાંબી થઇને સમુદ્રમાં ગએલી હોય તેને भूशीर કહેછે.

જમીનનો જે ભાગ થોડો ઊંચો હોય તે डुंगर, વિશેષ ઊંચાને पर्वत, અને તળીએથી જોડાએલાને हार, ડુંગર કે પર્વતની વચેના નીચા પ્રદેશને खींण કહેછે.

લગભગ સપાટ જમીનના વિસ્તરેલા ભાગને मेदान કે प्रदेश કહેછે.

પહાડો ઉપર આવેલા પ્રદેશને ऊंचप्रदेश કહેછે.

જે ઊંચી જગાએથી જુદી જુદી દિશામાં પાણી વહેછે તેને जळक्षेपप्रदेश કહેછે.

ખારા પાણીના પાંચ ભાગ કરેલાછે તેને મહાસાગર કહેછે.

મહાસાગર કરતાં નાનો હોય તેને समुद्र કહેછે.

જમીન ઉપર લાંબા ગએલા સમુદ્રના ફાંટાને अखात કહેછે.

પહોળા મોહોડાના અખાતને उपसागर કહેછે.

પાણીના બે મોટા ભાગને સાંધનારો પાણીનો નાનો ભાગ તેને सामुद्रधुनि કહેછે.

જમીનથી વીંટાએલા પાણીના ભાગને सरोवर કહે છે.

મીઠા પાણીનો પ્રવાહ બારે માસ વહેતો હોય તેને नदी કહેછે.

જે જગ્યાએથી નદી નીકળેછે તે જગ્યાને मूळ, અને જે જગ્યાએ સમુદ્રને મળેછે તે જગ્યાને मुख કહેછે.

બે નદીઓ જે જગ્યાએ એકઠી થાયછે તે જગ્યાને संगम કહેછે.

સમુદ્રને મળતા પહેલાં ભરતીનું પાણી માંહિ આવે એવું જે નદીનું મુખ પહોળું હોય તેને खाडी કહેછે.

દરિયાનું પાણી વારાફરતી ચઢેછે અને ઉતરેછે તેને भरती ओट કહેછે.

મુંબાઈ ઈલાકો.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન, ભાવલપુરનું સંસ્થાન, પૂર્વે રજપૂત સંસ્થાન, માળવા, મધ્ય પ્રાંતો, હૈદ્રાબાદનું રાજ્ય અને

મદ્રાસ ઇલાકો, દક્ષિણે મ્હેસૂર પ્રાંત; પશ્ચિમ બલૂચિસ્તાન અને અરબી સમુદ્ર છે.

રાજધાની—મુંબાઇ બેટ છે. એ ઇ. સ. ૧૬૬૧ માં પોર્તુગાલના રાજાએ ઇંગ્લાંડના બીજા ચાર્લસ રાજાને કન્યાદાનમાં આપ્યો હતો. અહીં ગવર્નર રહેછે. એક હાઇકોરટ છે. વેપાર કરવાનું આખા હિંદુસ્તાનમાં મોટું બંદર છે.

વસ્તી—૨,૫૫,૦૦,૦૦૦ માણસની છે.

ઉત્તર દક્ષિણ લંબાઇ ૯૮૦ માઇલ અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૬૭૦ માઇલની છે.

મોટામાં મોટું દેશીરાજ્ય વડોદરાનું છે.

આ ઇલાકામાં ૫૩૪૩ નિશાળો છે તેમાં ત્રણલાખ કરતાં વધારે છોકરા ભણેછે.

નીકાશ—ઘઉં, બાજરી, જુવાર, કઠોળ, રૂ, શેરડી, તમાકુ, ડાંગર, અફીણ, અને ગળી છે.

ભાગ—૧ સિંધ, ૨ કચ્છ, ૩ ગુજરાત, ૪ મહારાષ્ટ્ર એમાં દક્ષિણ તથા કોકણ એ બે છે, ૫ દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા.

૧ સિંધ.

ભાગ.	મુખ્ય શહેરો.
૧ સિંધનો ઉપલો સરહદનો મૂલક.	જેકબાબાદ.
૨ શિકારપુર જિલ્લો	શિકારપુર.
૩ હૈદ્રાબાદ જિલ્લો	હૈદ્રાબાદ.

૪ કરાંચી જિલ્લો .... કરાંચી.
૫ થરપારકર .... ઉમરકોટ.
૬ ખૈરપુર સંસ્થાન .... ખૈરપુર.

૨ કચ્છ.

૧ કચ્છ................. ભૂજ.

૩ ગૂજરાત.

૧ સૂરત જિલ્લો .... સૂરત.
૨ ભરૂચ જિલ્લો............ ભરૂચ.
૩ ખેડા જિલ્લો.............. ખેડા.
૪ પંચમહાલ .... ગોધરા અને દાહોદ.
૫ અમદાવાદ જિલ્લો....... અમદાવાદ.
૬ કાઠિયાવાડ એજન્સિ...... રાજકોટ.
૭ પાલણપુર એજન્સિ ...... પાલણપુર અને ડીસા.
૮ મહીકાંઠા એજન્સિ ...... સાદરા અને ઇડર.
૯ રેવાકાંઠા એજન્સિ ...... નાંદોદ, બારીઆ અને લુણાવાડા
૧૦ ગાયકવાડનો મૂલક ..... વડોદરા.
૧૧ ખંભાત સંસ્થાન .... ખંભાત.
૧૨ પંચમહાલ એજન્સિ..... નારૂકોટ.
૧૩ સુરત એજન્સિ .... વાંસદા, ધરમપુર, સચીન.

૪ મહારાષ્ટ્ર. (મુંબાઇ બેટ બાદ કરતાં).

क કોંકણ.

૧ થાણા જિલ્લો .... થાણા.
૨ કોલાબા જિલ્લો .... અલીબાગ.
૩ રત્નાગિરી જિલ્લો .... રત્નાગિરી.
૪ જવાર સંસ્થાન .... જવાર.
૫ જંજીરા સંસ્થાન .... જંજીરા.
૬ સાવંતવાડી સંસ્થાન ..... સાવંતવાડી.

ख દક્ષિણ પ્રાંત.

૧ ખાનદેશ જિલ્લો .... ધુળીઆ.
૨ નાશિક જિલ્લો............. નાશક.
૩ અહમદનગર જિલ્લો.... અહમદનગર.
૪ પુણા જિલ્લો .... પુણા.
૫ સતારા જિલ્લો........... સતારા.
૬ સોલાપુર જિલ્લો ...... સોલાપુર.
૭ ખાનદેશ એજન્સિ......
૮ પેંઠ સંસ્થાન............. પેંઠ.
૯ અકલકોટ સંસ્થાન........ અકલકોટ.
૧૦ સતારા જાગીર .... ભોર, ફલટન, ઔંધ, જત.

૫ દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા.

૧ કલાદગી જિલ્લો......... કલાદગી.

૨ બેલગામ જિલ્લો .... બેલગામ.

૩ ધારવાડ જિલ્લો .... ધારવાડ.

૪ ઉત્તર કાનડા જિલ્લો ...... કારવાડ.

૫ કોલાપુર સંસ્થાન......... કોલાપુર.

૬ સાવનૂર સંસ્થાન .... સાવનૂર.

૭ દક્ષિણ મરાઠા જાગીર.... સાંગલી, જમખિંડી, મિરજ, કુરૂંદવાડ, મુધોલ ને રામદુર્ગ.

૧ સિંધ પ્રાંત.

સીમા—ઉતરે બલૂચિસ્તાન ને પંજાબ; પૂર્વે જેસલમીરનું રણ, અને રજપૂત સંસ્થાન; દક્ષિણે કચ્છનું રણ અને અરબી સમુદ્ર; પશ્ચિમે હાલા અને સુલેમાન પર્વતો છે.

નદીઓ—સિંધુ અને બીજી કેટલીક નેહેરો છે.

પર્વત—પબ.

મોટાં શેહેર—હૈદ્રાબાદ એ રાજધાની છે, ખૈરપુર, શિકારપુર, કરાંચી, જેકબાબાદ, શક્કર, બક્કર, રોરીહાલા, તારબાના, કોટ્રી, ઉમરકોટ, શાબંદર, નગરપારકર, ઠઠ્ઠા, મીઆની.

ભાષા—સિંધી, બલૂચિ.

મુંબાઇ ઇલાકામાં શેહેરોની વસ્તીમાં પાંચમે નંબરે કરાંચી છે.

ઉમરકોટમાં ઇ. સ. ૧૫૪૩ માં મોગલવંશનો અકબર બાદશાહ જન્મ્યો હતો. ખૈરપુર એ મીરઅલી મુરાદના તાબામાં છે.

નીકાશ--ડાંગર, બાજરી, જુવાર, ઘઊં, મગ જવ, રૂ, તેલીઆંબીઆં, કાળીમાટીનાં વાસણ, ચામડાની વસ્તુઓ અને શેત્રંજીઓ છે.

૨ કચ્છ.

સીમા—ઉત્તરે અને પૂર્વે રણ; દક્ષિણે કચ્છનો અખાત; અને પશ્ચિમ અરબી સમુદ્ર છે.

પ્રગણાં સોળ છે—પાબર, મીઆણી, બન્નો, પરછમ, ખડિર, પ્રાંથલ, વાગડ, અંજારચોવીશી, ભુવડચોવીશી, હાલાચોવીશી, કાંઠી, મોડાસા, અબડાસા, કંડ, ગરડો, માક.

લંબાઇ ૧૭૦ માઇલ અને પહોળાઇ ૫૦ માઇલછે. ૩૮૭૮ ગામ અને ૪૮૭૩૦૫ માણસની વસ્તી છે.

પર્વત. ૧ ઉત્તરધાર—એમાં કાલો, રાયમલરો, ખડીર, લક્કો, ધોળો, ભીલવો, અને માણવો.

૨ ચાંવ—એમાં ચીત્રાણો, રોહાની, નનામો, બાડવા, ચાત્રોડ.

૩ મધ્યધાર—એમાં આરો, કરોકાસમ, ધીણોધર, અને હવાય. ઇ૦.

વહેળા—ચાવડા પર્વતમાંથી નીકળતા નાગમાંથી, રૂકમાવતી અને ખારી, એ ત્રણ છે.

મુખ્ય શેહેર—ભૂજ એમાં ૨૦૬૬૧ માણસની વસ્તી છે. એમાં રાવશ્રી પ્રાગજીમલનો મેહેલ જોવાલાયક છે. પોલિટિકલ

એજન્ટ રહે છે. અહીં ભરતનું કામ સારૂં થાયછે. આ દેશમાં ફટકડી અને સુરોખાર થાય છે.

માંડવી, મુંદરા, લખપત, જખૌ, તુણા એ ચાર બંદર છે. માંડવીમાં વાહાણને માટે દીવા દાંડી છે.

અંજાર, માંડવી, મુંદ્રા, લખપત, જખૌ, તુણા, બેલા, રૂઆ, રાપર, અધોઇ(મોરબીનું), ભચૌ, નળીઆ, કોઠારા, તેરા, સુમરીરોહા, ગઢડો, કેરા, કંથકોટ, દુધઇ, ભદ્રેસર વગરે શેહેર છે. અહીંના રાવ જાડેજા રજપૂત છે.

નીકાસ—બાજરી, જુવાર, મીઠું, મગ, ઘઉં, મઠ, રૂ, ઉન, દીવેલી, રાઇ, વગરે ઘોડા, ઉંટ, ગાય, બળદ, ઘી, તેલ વગરે પરદેશ મોકલવામાં આવે છે.

૩ ગૂજરાત.

સીમા—ઉત્તરે કચ્છનું રણ ને શિરોહી; પૂર્વે માળવા, ખાનદેશ, સાતપુડો પર્વત; દક્ષિણે થાણા જીલ્લો અને અરબી સમુદ્ર; પશ્ચિમે કચ્છનો અખાત અને અરબી સમુદ્ર છે.

રાજ્યધાની—અમદાવાદ. આગળના વખતમાં દ્વારકાં, વલભીપુર, પંચાસર, અને અણહીલપૂર પાટણ (સિધ્ધપુર).

ભાષા—ગૂજરાતી.

ભાગ—પાંચ જિલ્લા, છ એજન્સિ અને બે સંસ્થાન મળી

ભાગ છે.તે

નીકાસ— ઘઉં, બાજરી, કોઠોળ, ડાંગર, રૂ, તમાકુ, દેશી-કાપડ.

૧ સૂરત જિલ્લો.

સીમા—ઉત્તરે કીમનદી; પૂર્વે ગાયકવાડનો મૂલક તથા વાંસદા અને ધરમપુરનાં રાજ્યો છે; દક્ષિણે દમણગંગા; પશ્ચિમ અરબીસમુદ્ર તથા ખંભાતી અખાત છે.

પ્રગણાં— પાલડી, વલસાડ, ચીકલી, જલાલપુર, બારડોલી, માંડવી, ચોર્યાસી ને ઓરપાડ.

નદીઓ—તાપી, કીમ, મીંઢોળા, પુર્ણા, અંબીકા, પાર અને કોલક.

ડુંગર—પારનેરા અને ડુંગરીની ટેકરીઓ છે.

મોટાં ગામ—સૂરત, પારડી, વલસાડ, ચીકલી, જલાલપુર, બારડોલી, માંડવી, ઓરપાડ, બગવાડા, કુંતા, ઉદવાડા, બહુધાન, રાંદેર, ઉમરસાડ, છરવાડા, દેહેગામ, અમલસાડ, કતારગામ.

તાપી ઉપર સૂરત શેહેર છે. આગળ તે વેપારનું બંદર હતું.

તાપી અને પુર્ણાનદી ઉપર પુલ છે. રેલવેસ્ટેશન પંદર છે તેમાં સૂરતનું મુખ્ય જોવા લાયક છે.

નીકાસ—ડાંગર, જુવાર, રૂ, ઘઉં, કોઠોળ, બાજરી, દીવેલી, નાગલી, કોદરા, શેરડી, અને વલસાડી કેળાં.

૨ ભરૂચ જિલ્લો.

સીમા—ઉત્તરે મહીનદી; પૂર્વે ગાયકવાડનો મુલક; દક્ષિણે

કીમનદી; અને પશ્ચિમ ખંભાતનો અખાત.

પ્રગણાં—ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ ને જંબુસર.

નદીઓ—નર્મદા, મહી, ઢાઢર, કીમ ને ઉમરાવતી, ખાડી ભૂખી.

બેટ—ધંતુરીઆ, કાસવા.

મોટાં શેહેર—ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ, જંબુસર, શુકલતીર્થ, હાંસોટ, વિલાયત, કેરવાડા, માતર, ટંકારીઆ.

જાણવાલાયક હકીકત— નર્મદા નદીને કાંઠે શુકલતીર્થમાં જાત્રા ભરાય છે. એની પાસે કબીરવડ છે. આ જિલ્લામાં હર ૧૯ વરશે તવરાની ને ભાડભૂતની જાત્રા ભરાય છે.

ભરૂચ નર્મદા નદીને કાંઠે છે. એ જૂનું શેહેર છે તેમાં વરાળના સંચાથી સુતર કતાય છે. એમાં વંઠ નામની ખાડી છે.

નીકાસ—રૂ, જુવાર, ડાંગર, બાજરી, તુવર, મગ, ઘઉં, કોદ્રાળ, દીવેલી, તમાકુ, ગળી, વગેરે.

૩ ખેડા જિલ્લો.

સીમા—ઉત્તરે અમદાવાદજિલ્લો, મહીકાંઠા એજન્સિનો કેટલોક ભાગ, રેવાકાંઠા એજન્સિનું વાડાસીનોરનું નાનું રાજ્ય; પૂર્વે અને દક્ષિણે મહી નદી, અને પશ્ચિમ ખંભાતનું સંસ્થાન ને અમદાવાદ જિલ્લો.

પ્રગણાં—કપડવંજ, ઠાસરા, નડીઆદ, મહેમદાવાદ, માતર, આણંદ અને બોરસદ.

નદીઓ—મહી, વાત્રક, મેશ્વો, શેઢી, મોહોર, ખારી.

મોટાં ગામ—ખેડા, કપડવંજ, ઠાસરા, નડીઆદ, મહેમદાવાદ, માતર, આણંદ, બોરસદ, આત્રસુંબા, કઠલાલ, મહુધા, ઉતરસંડા, ડાકોર, ઉમરેઠ, લસુંદ્રા, વડતાળ, નાપાડ, તોરણા, અલીણા, આંત્રોલી, અલાણા, કરમસદ, વાસદ, વીગેરે.

જાણવા લાયક—લસુંદ્રામાં ઉનાપાણીના કુંડ છે, રણછોડજીની મુર્તી અને ગોમતી તલાવ ડાકોરમાં છે. વડતાલમાં સ્વામીનારયણનું મોટું ધામ છે. એમાં ૫૯૧ ગામ છે ખેડા એ વાત્રક અને શેઢીના સંગમપર છે.

નીકાસ—બાજરી, કોદ્રા, ડાંગર જુવાર, શેરડી, બાવટા, તમાકુ, સાબુ, કાચ, વીગેરે.

૪ પંચમાહાલ.

સીમા—ઉત્તરે લુણાવાડા, સુંથ, સંજેલી; પૂર્વે બારીઆનું રાજ્ય; દક્ષિણે ગાયકવાડનો મૂલક; પશ્ચિમ ગાયકવાડનો મૂલક અને મહી નદી છે.

નદી—મહી એ હદ ઉપર છે.

પર્વત—પાવાગઢ એમાં કાલકામાતાનું દેરૂં છે.

એમાં ત્રણ તાલુકા બે પેટામાહાલ અને ત્રણ કસ્બા છે.

તાલુકા—૧ ગોધરા, ૨ કાલોલ ૩ દાહોદ.

મોટાં શેહેરો—ગોધરા, હાલોલ, કાલોલ, દાહોદ, ઝાલોદ ચાંપાનેર, વેજલપૂર.

જાણવા લાયક—જ્યારે પંચમહાલ સિંધીઆના તાબામાં

હતો ત્યારે માઠી હાલતમાં હતો પણ ઇંગ્રેજસરકાર હજુ સુધારે છે.

નીકાસ—ઘઉં, બાજરી, ડાંગર, મકાઇ, કોઠાળ, તલ, મહુંડાં.

૫ અમદાવાદ જીલ્લો.

સીમા—દક્ષિણે અને પશ્ચિમ કાઠીઆવાડ, ઉત્તરે ગાયકવાડનો મૂલક; અગ્નિકોણમાં અને પૂર્વે ખેડા જિલ્લો, ખંભાતનું સંસ્થાન, અને ખંભાતી અખાત છે.

તાલુકા—પ્રાંતીજ, વીરમગામ, ધોળકા, દસક્રોઇ, ધંધુકા, ઘોઘા ને સાણંદ.

નદીઓ—સાબરમતી, હાથમતી, માજુમ, વાત્રક, મેશ્વો, ખારી, ભાદર, ગોમા, નીલકા, ઉતાવળી અને રોહર.

તલાવ—મુનસર, ગંગાસર, કાકરીઉં, મલેકશાબાન, ને નળ નામનું.

મોટાં ગામ—અમદાવાદ, પ્રાંતીજ, વીરમગામ, ધોળકા, ધંધુકા ઘોઘા, સાણંદ, મોડાસા, પાટડી, માંડળ, કોઠ, વઉઠ ધોળેરા, રાણપુર, બરવાળા, ગાંફ, ગાંગડ, બાવળા, ખસ, ગોધાવી, સર્ખેજ, ચોરવડોદરા, કાશંદ્રા.

જોવાલાયક—સર્ખેજનોરોજો, શાહાલમનો રોજો, હઠિસંગનું દેવળ, જુમામશીદ, અડાળજની વાવ, ભાગી ગએલો સાબરમતીનો પુલ, વર્નાક્યુલર સોસાઇટી, ટ્રેનીંગકોલેજ, આપારાવ લાયબ્રેરી, મહેશ્વરદાસ અને રણછોડભાઇની ઇસ્પિતાલ, પ્રાર્થનાસમાજ.

જાણવાલાયક—પાટડીમાં વરાગડુ મીઠુ થાય છે, વઢવાણમાં કારતક સુદ પૂનમે મેળો ભરાય છે તેમજ ધંધુકા પ્રગણાના ભીમનાથમાં કારતક સુદ પૂનમે મેળો ભરાય છે.

આ જિલ્લામાં ૮૮૧ ગામ અને ૮૨૯૬૩૭ માણસની વસતી છે.

નીકાસ—બાજરી, જુવાર, કોદ્રાળ, રૂ, ડાંગર, તમાકુ, શેરડી, આદુ, ગળી, તલ, દીવેલી, કસબ, મથરૂ, કીનખાબ, છેલ્લાં ત્રણ પરદેશ જાય છે.

કાઠીઆવાડ એજન્સિ.

સીમા—ઉત્તરે કચ્છનું રણ; પૂર્વે અમદાવદ જિલ્લો, ખંભાતનો અખાત; દક્ષિણે તથા પશ્ચિમે અરબી સમુદ્ર છે.

૩ કાઠીઆવાડનું અસલ નામ સોરાષ્ટ્ર કે શોરઠ હતું એમાં ૩ પ્રગણાં અને તેના ચાર પ્રાંત કરેલા છે.

દીશા.	પ્રાંતનું નામ.	મુખ્ય શેહેર.
ઉતરમાં	ઝાલાવાડ	વઢવાણ.
પૂર્વે	ગોહેલવાડ	સોનગઢ.
દક્ષિણે	સોરઠ	માણેકવાડા.
પશ્ચિમ	હાલાર	રાજકોટ.

પ્રગણાં દસ છે તે તથા તેના ગામ નીચે પ્રમાણે:—

૧ ઝાલાવાડ—ધ્રાગધરા, લીમડી, વઢવાણ, વાંકાનેર, થાણ લખ-

તર, સાયલા ચુડા, બજાણા, હળવદ, સીથા, સિંહાણી, મુળી.

૨ ગોહેલવાડ—ભાવનગર, પાલીતાણા, વળા, તલાજા, લાઠી, શીહોર, કુંડલા, મહુવા, ગઢડા, બોટાદ, દામનગર, ગારીઆધર.

૩ ઊંદ સરવઇઆ—ડાઠા, ગણધોળ, ચોક.

૪ બાબરીઆવાડ—જાફરાબાદ, ડેડાણ, રાજુલા.

૫ કાઠીઆવાડ—જેતપુર, બગસરા, જસદણ, ચીતલ, બીલખા, ચોટીલું, સુદામડું, પાળીઆદ, ગાયકવાડ તાબાનાં અમરેલી, ધારી.

૬ સોરઠ—જુનાગઢ, બાટવા, અમરાપુર, કોડીનાર, વેરાવળ પાટણ, માંગરોલ, ઉના, દેલવાડા, ચોરવાડ, વંથલી, માળીઆ, કુતીઆણું.

૭ બર્ડા—પોરબંદર, નવીબંદર, માધવપુર, મીઆણી.

૮ હાલાર—નવાનગર, ગોંડલ, રાજકોટ, ધ્રોળ, ધ્રાફા, જોડીઆ, આમરણ, ખંભાળીઆ, કાલાવડ, કંદારણું, બાલાચડી, ધોરાજી, ઉપલેટા, સરપદડ, સરધાર, વિરપોર, બાળંભા, લાલપોર.

૯ મચ્છુકાંઠા—મોરબી, માળીઆ, વાવણીઆ, ટંકારીઆ.

૧૦ ઓખામંડળ—દ્વારકાં, આરંભડું, ધીણકી, મઠી, રૂપેણ, પોશીતરું.

મુખ્ય શેહેર—રાજકોટ, એમાં પોલિટિકલ એજન્ટ રહે છે.

નદીઓ—ભાદર, મચ્છુ, ઓઝાત, શેત્રુંજી, આજી, ફલકુ, બાં-
ભણુ, માલણ, ધાતરવાડી, બગડ, સુખભાદર, ગાંડલી, રામાવતી, ઊંદ, ઘોડાધ્રોઈ.

બેટ—બેટ, દીવ, પીરમ.

હવા ખાવાની જગ્યા—બાલાચડી, ગોપનાથ.

ફીરંગીનું ગામ—દીવ.

હબશીનું—જાફરાબાદ.

ગાયકવાડનો પંચમહાલ—અમરેલી, ધારી, દામનગર, કોડીનાર, શીઆનગર, ઓખામંડળ.

ડુંગર—૧ ચોટીલાનો એ ધ્રાંગધ્રાથી સરધાર અને જસદણ સુ-
ધી લાંબો છે.

૨ વાલગીરી કે મારધાર અને લાંબધાર એ ગોહીલવાડમાં છે.

૩ શેત્રુંજો એ પાલીતણા પાસે છે તેપર શ્રાવક લોકનાં દેરાં છે.

૪ ગીર એ સોરઠમાં છે.

૫ ગીરનાર એ જુનાગઢ પાસે છે તે કાઠીઆવાડમાં સૌથી ઊંચો છે. તે ઉપર શ્રાવકનાં દેરાં છે.

૬ બરડો તે બરડામાં છે.

જાત્રાનાં ઠેકાણાં—દ્વારકાં એમાં રણછોડજીનું ધામ છે ત્યાં વૈષ્ણવ લોકો જાત્રા કરવા જાય છે. તે ગાયકવાડને તાબે છે, ૨ ગીરનાર, ૩ શેત્રુંજો એ બંન્ને ઉપર શ્રાવક અને વૈષ્ણવનાં દેરાં છે. ૪ પ્રભાસપાટણ, ૫ પ્રાચીતીર્થ ત્યાં કૃષ્ણ-દે

છોડયો હતો. ૬ ગઢડા, ૭ મુળી એ બંન્નેમાં સ્વામીનારાયણનાં ધામ છે.

પુર્વ અને પશ્ચિમ લંબાઇ ૨૦૦ માઇલ અને ઉત્તર દક્ષિણ પહોળાઇ ૧૭૫ માઇલ છે.

નીપજ—રૂ, પથ્થર, સોનેરી તથા રૂપેરી ભીંત, આરસ, પરવાળાં, મોતી, ઘઉં, સાબુ, લોઢાની ખાણો, ખડી તથા રૂપાની ખાણો, માટીનાં વાસણ, ત્રાંબાપીતળનાં વાસણ, ધાન્ય વગેરે.

કાઠીઆવાડના સંસ્થાનો, હાકેમોની જાત, રાજ્યકર્ત્તાનાઇલકાબ, તાબાના ગામ નીચે મુજબઃ—

વર્ગપહેલો.	રાજ્યકર્ત્તાના ઇલકાબ.	જાત.	ગામ.
જુનાગઢ	નવાબ	બાબી મુસલમાન	૮૯૦
નવાનગર	જામ	જાડેજારજપુત	૬૩૩
ભાવનગર	રાવળ	ગોહેલ રજપુત	૫૪૨
ધ્રાંગધ્રા	રાજ	ઝાલારજપુત	૧૨૫
વર્ગ બીજો.			
વાંકાનેર	રાજ	ઝાલારજપુત	૭૬
મોરબી	ઠાકોર	જાડેજારજપુત	૧૨૫
પાલીતાણા	,,	ગોહેલરજપુત	૧૦૦
ધ્રોળ	,,	જાડેજારજપુત	૬૧

લીંબડી	,,	ઝાલારજપુત	૭૨
રાજકોટ	,,	જાડેજારજપુત	૬૦
ગોંડલ	,,	જાડેજારજપુત	૧૮૦
વઢવાણ	,,	ઝાલારજપુત	૩૧
જાફરાબાદ	સીદી	હબશી મુસલમાન	૧૨
વર્ગ ત્રીજો.			
પોરબંદર	રાણા	જેઠવારજપુત	૧૦૩
વળા	ઠાકોર	ગોહેલરજપુત	૪૦
લખતર	,,	ઝાલા રજપુત	૪૨
બાટવા	,,	બાબીમુસલમાન	૫૨
જસદણ	રાજા	ખાચરકાઠી	૬૧
સાયલા	ઠાકોર	ઝાલારજપુત	૩૮
ચુડા	,,	,,	૧૩
વર્ગચોથો.			
મુળી	ઠાકોર	પરમારરજપુત	૧૯
લાઠી	,,	ગોહેલરજપુત	૮
બજાણા	મલેક	મલેકમુસલમાન	૨૬
નાંનાંસંસ્થાન			

પાલણપુર એજન્સિ.

સીમા—ઉત્તરે મારવાડ અને શિરોઇ; દક્ષિણે ગાયકવાડનો મુ

લક; પૂર્વે મહીકાંઠા એજન્સિ અને શીરોઈ; પશ્ચિમ કચ્છનું રણ છે.

એમાં ૬૩૪ ગામ અને પાંચલાખ માણસની વસ્તી છે.

સંસ્થાન { મુસલમાનના તાબામાં પાલણપુર, વારાઈ અને તેરવાડા
રજપુતના તાબામાં—થરાદ અને મોરવાડા, વાવ સુઈ-
ગામ, દેવદર, ચારચટ, સાંતલપુર.

પાલણપુર સંસ્થાનનાં તાબાના તાલુકા—ધાનદાર, ડીસા, ધાનેરા, પાથાવાડા, દાતાવાડ.

નદીઓ—બનાસ, સરસ્વતી, નીમરાખી,

પર્વત—શીરોઈના ડુંગર, આરાસુર.

મોટાં ગામ—પાલણપુર, ડીસા, વારાઈ, થરાદ, મોરવાડા, વાવ, સુઈગામ, દેવદર, સાંતલપુર, કાંક્રેજ, સમી, મુજપર, તેરવાડા, ભાભર વિગરે.

ડીસામાં ઈંગ્રેજી લશ્કરની છાવણી છે.

નીકાશ—બાજરી, જુવાર, ઘઉં, મગ, મઠ, ડાંગર, શેરડી, રૂ.

રાધનપુર સંસ્થાન.

સીમા—ઉત્તરે મારવાડ અને તેરવાડા; દક્ષિણે માંડલ અને ઝીંઝુવાડાનું; પૂર્વે ગાયકવાડનુ પાટણ પરગણું, પશ્ચિમે વારાઈ સંસ્થાન છે.

નદીઓ—બનાસ, કસ્બા—રાધનપુર, સમી, મુજપુર.

મોટુગામ—રાધનપુર અહીંના નવાબ બાબી ઓલાદના છે.

મહીકાંઠા એજન્સિ.

સીમા—ઉત્તરે આબુ પર્વતને લગતા ડુંગરો; પૂર્વે મેવાડ; દક્ષિણે ગાયકવાડનો ડેહેગામ તાલુકો, અમદાવાદ જિલ્લો, ખેડા જિલ્લો, રેવાકાંઠો; પશ્ચિમે ગાયકવાડનો મૂલક તથા પાલણપુર એજન્સિ છે. એમાં ૧૬૪૫ ગામ તથા ૪૪૭૦૫૬ માણસની વસ્તી છે.

નદીઓ—સાબરમતી, વાત્રક, હાથમતી, ખારી, મેશ્વો, માજુમ વગેરે.

આ એજન્સિ પોલિટિકાલ એજન્ટના હાથ નીચે છે તે સાદરામાં રહેછે.

એના ૫૯ ભાગ કરેલાછે તેમાં ૪૮ ઠાકોરોનો અમલ છે.

પરગણાંનીચે મુજબ:—

૧ નાની મારવાડ..........દાંતા, માલપુર.
૨ રેવર..................મોહનપુર રણાસણ.
૩ સાબરકાંઠો.............માણસા, પેથાપુર, વરસોડા.
૪ વાત્રકકાંઠો.............આમલીઆરા, ઘોડાસર, સાઠંબા, પુનાદરા, ખડાલ.
૫ બાવીશી................વાસણા, મહીસા, ડભોડા. ધમાસા.
૬ કટોસણ................જોટાણા, સાંથળ, કટોસણ, મગુના.

સંસ્થાન.

૧ ઇડર.................અહમનગર, વડાલી, બાયડ, ગાબડ, ચોયલા.

૨ દાંતા અને માલપુર સંસ્થાન. દાંતાને માલપુર.

૩ મોહનપુર .... અરપોદ્રા એમાં અબરખની ખાણ છે.

૪ ભાલુસણા—સતલાસણા.

૫ માણસા.

૬ ઘોડાસર અને આમલીઆરા.

દાંતામાં આરસપાહાણની ખાણો છે તથા આરાસુર પાહાડમાં અંબાજીનું જાત્રાનું ઠેકાણું છે.

ઇડર મહારાજા જોધપુરના ભાવાત છે. શામળાજી અને બ્રહ્માની ખેડના મેળા ભરાય છે.

નીકાશ—બાજરી, જુવાર, તમાકુ, અફીણ, રૂ.

રેવાકાંઠા એજન્સિ.

રેવાનદીની આસપાસનો મૂલક તેથી રેવાકાંઠા નામ પડયુંછે.

સીમા—ઉત્તરે મહીકાંઠા પૂર્વે મધ્ય હિંદુસ્તાન, ખાનદેશ; દક્ષિણે ગાયકવાડનો મૂલક, પશ્ચિમે ગાયકવાડનો મૂલક, ભરૂચ; ખેડા જિલ્લો અને પંચમહાલ.

નદીઓ—મહી, નર્મદા, પુનમ, ગોમા, ઢાઢર, વિશ્વામિત્રી, હેરણ, કરજણ, ને ઓર.

પર્વત—રાજપીપળા.

સંસ્થાન—રાજપીપળા, છોટાઉદેપુર, બારીઆ, લુણા વાડા, સુંથ અને વાડાસીનોર છે. વાડાસીનોર એ મુસલમાનના તાબામાં છે.

મોટાં ગામ—નાંદોદ, છોટાઉદેપુર, બારીઆ, લુણાવાડા, સુંથ, વાડાસીનોર, નારૂકોટ, બાદરવા.

નીકાશ—ઇમારતી લાકડું, રૂ.

ગાયકવાડ સંસ્થાન.

રાજધાની—વડોદરા એ વિશ્વામીત્રો નદી ઉપર છે તેમાં ગાયકવાડ માહારાજ રહે છે. તેમાં રેસીડેન્ટ રહે છે.

સંસ્થાનના ચાર ભાગ છે.

૧ ખેડા. ભરૂચ, પંચમાહાલ, તથા રેવાકાંઠા વચ્ચેનો મૂલક.

૨ સૂરતજિલ્લામાં છે. તેમાં નવસારી, ગણદેવી, વલ્લાવી, બજેશ્વર, તેલાડી, પરગણાં છે.

૩ કાઠીઆવાડમાં છે. તેમાં અમરેલી ઓખામંડળ, અને કોડીનાર છે.

૪ પાલણપુર, મહીકાંઠા, અમદાવાદ જિલ્લો, અને ખેડ-જિલ્લાની વચ્ચેનો મૂલક છે. તેમાં પાટણ, સીધપુર, માસાણા, કડી વગેરે પરગણાં છે.

આ રાજ્ય મુંબાઇ ઇલાકાનાં બધાં રાજ્યોમાં મોટું છે. એમાં ૨૯ લાખ માણસની વસ્તી છે.

નદીઓ—સરસ્વતી, વિશ્વામિત્રી, ઢાઢર, તાપી.

મોટાં ગામ—વડોદરા, ડભોઈ, સંખેડા, ઈટોલા, વસો, પેટલાદ બજેશ્વર, સોજીત્રા, નવસારી, ગણદેવી, કડી, પાટણ, સીધપુર વડનગર, વીસનગર, મેસાણા અમરેલી.

નીકાશ—રૂ, ઘઉં, બાજરી, તમાકુ, પાન, પરવળાં વીગેરે.

ખંભાત સંસ્થાન.

સીમા—ઉત્તરે અને પૂર્વે ખેડાજિલ્લો; દક્ષિણે મહી નદી; પશ્ચિમે સાબરમતી અને અમદાવાદ જિલ્લો.

મુખ્ય શેહેર—ખંભાત એ મહી નદી ઉપર છે તેમાં નવાબ રહે છે. તે મોગલ જાતના છે. એમાં ૬૮ ગામ અને ૬૩૪૯૪ માણસની વસ્તી છે.

નદી—મહી.

નીકાશ—બાજરી, જુવાર, ઘઊં, મીઠું, રૂ, ગળી, અફીણ, સુતરાઉકાપડ, શેતરંજી, અને અકીકના પથર.

એ સંસ્થાન ખેડાના કલેકટરના હાથ નીચે છે.

પંચમહાલ એજન્સિ.

એ પંચમહાલના અગ્નિકોણમાં છે. પંચમહાલમાં ગવરનરનો એજન્ટ રહેછે. તેના તાબામાં નારૂકોટ છે ત્યાં કોળીનું રાજ્ય છે.

નીકાશ—ઇમારતી લાકડું.

સૂરત એજન્સિ.

સંસ્થાન—૧ સચીણ એનો નવાબ લાંચપુરમાં રહેછે.
૨ વાંસદા—વાંસદા.
૩ ધરમપુર—ધરમપુર.

નદીઓ—કાવેરી, દમણગંગા, અંબીકા.

નીકાશ—ડાંગર, મહુડાં, ઇમારતી લાકડાં, તલ, વીગેરે.

ઉત્તર મહારાષ્ટ્ર.

નદીઓ—તાપી, ગોદાવરી, ભીમા, નીરા, કૃષ્ણા, સીના, મુળામીઠા.

પર્વત સિંહ્યાદ્રિ, સાતપુડો, ચાંદવાડ.

શેહેર—ધુળીઆ, માલેગામ, નંદુરબાર, એવલે, મનમાડ, ભુશાવળ, નશીરાબાદ, નાશક, ત્રિંબક, અહમદનગર, પુના. સતારા, મહાબળેશ્વર, આસ્ટે, વસઇ, ખડકી, કોરેગામ, ચાળીસ ગામ, સોલાપુર, પંઢરપુર, જુન્નર, શીન્નર, પુરંદર, બારશી, અકોલે, ખંડાળા.

દેશીરાજ્યોના તાબાનાં—પંતસચીવ, ભોર, નીબાલકર, ફલટન, પ્રાંતપ્રતીનીધી, ઓંદ, જત, અકલકોટ, પેઠ.

બોલી—મરાઠી અને કાનડી.

ધુળીઆ એ પાંજરા નદી ઉપર ખાનદેશની રાજધાનીછે.

પુના એ મુળામીઠા નદી ઉપર છે તે અગાઉ પેશ્વાની રાજધાની હતી. હાલ તે ઇંગ્રેજ સરકારને તાબેછે. એ આખા

મહારાષ્ટ્રની રાજધાની છે એમાં લશ્કરી છાવણી છે.

નાશિક—ગોદાવરી નદીના મુળ પાસે હિંદુની જાત્રાનું ઠેકાણું છે.

અહમદનગર—શીના નદી ઉપર છે. અગાઉ એ મુસલમાની રાજ્યની રાજધાની હતી. ઇતીહાસમાં પ્રખ્યાત ચાંદબીબી આ શેહેરમાં રાજ કરતી હતી.

નીકાસ—અનાજ, કઠોળ, રૂ, શેરડી, તમાકુ, ઇમારતીલાકડું, મહુડાં, મધ, લાખ, સુરોખાર.

સોલાપુર—એ રેલવેસ્ટેશન છે. અહીઆં સાડીઓ બને છે.

કોકણ.

નદી—અંબા. પર્વત—સિંહાદ્રિ.

શેહેર—મુંબાઇ, થાણા, અલીબાગ, રત્નાગીરી, કલ્યાણી, વાંદરા, વિંગોરલા, માહીમ, હરણાઇ, મરોડ, દેહેણું, અગાશી, વસઇ, કોલાબા, પનવેલ, વિજયદુર્ગ, જવાર, જંજીરા, સાવંતવાડી, ભીમડી, રામપુર.

નીકાશ—ડાંગર, કઠોળ, નાળીએર, મીઠું, નાગલી, સોપારી, હરડે.

દક્ષિણ મહારાષ્ટ્ર દેશ અને ઉત્તર કાનડા.

નદીઓ—ભીમા, કૃષ્ણા, ઘટપ્રભા, મલપ્રભા, પંચગંગ

પર્વત—સિંહાદ્રિ.

મોટાં શેહેર—કલાદગી, બિજાપુર, બાગલકોટ, બેલગામ,

ધારવાડ, વિશાળગઢ, કારવાડ, કુંપટા, હોનાવર, ગોવા, હુબલી, બંકાપુર.

દેશી રાજ્યોના તાબાનાં—સાંગલી, મીરજ, કુરૂંદવાડ, મુધોળ, રામદુર્ગ, બદામી, મંગળવાડ, શીરહતી, સાવનુર, કોલાપુર, કાગળ, બાવડા, ઇચલ, કરંજી, જમખીંડ.

નીકાશ—જુવાર, ઘઉં, ચણા, રૂ, બાજરી, લાકડાં, ધાતુનો સામાન, કાપડ, તમાકુ, ડાંગર.

મુંબાઈઇલાકાનાં દેશીરાજ્યો.

૧ સિંધ.
- ૧ ખેરપુર.

૨ કચ્છ.
- ૧ કચ્છ.

૩ ગૂજરાત.
- ૧ વડોદરા.
- ૨ ખંભાત.
- ૩ ભાવનગર.
- ૪ જુનાગઢ.
- ૫ જામનગર.
- ૬ ઇડર.
- ૭ પાલણપુર.
- ૮ નડિઆદ.

૪ મહારાષ્ટ્ર.
- ૧ કોલાપુર.
- ૨ અકલકોટ.
- ૩ પેંઠ.
- ૪ સાવનુર.

૫ કોકણ.
- ૧ જવાર.
- ૨ જંજીરા.
- ૩ સાવંતવાડી.

દેશીરાજાઓની અટક.

વડોદરાના ગાયકવાડ, ભાવનગર, કોલાપુર, ઇંડરના મહારાજા, પોરબંદરના રાણા, કચ્છના રાવ, નવાનગરના જામ, જુનાગઢ, રાંધનપુર, ખંભાત, સચીનના નવાબ.

પર્વત—પબ, ગીરનાર, સેત્રુંજો, આ રાસુર, આબુ, પાવાગઢ, સાતપુડો, સિંહ્યાદ્રિ, ચાંદવાડા.

બેટ—દેવ, ગોપનાથ, દ્વારકાં બેટ, પીરમ, શિયાળ, મુંબાઇ, વસાઇ, ધારાપુરી, કરંજો, શાષ્ટી.

વેપારનાં મોટાં બારાં—કરાંચી, કારવાડ, મુંબાઇ.

દ્વીપકલ્પ—કાઠીઆવાડ.

પોર્તુગાલના તાબામાં—દીવ, દમણ, ગોવા.

હબસીના તાબામાં—જાફરાબાદ, જંજીરા એ ઇંગ્રેજ સરકારને ખંડણી આપતાં નથી.

ભૂશિર—જગતપોઇન્ટ, કેપરામાસ.

સમુદ્ર—અરબી.

અખાત—કચ્છ, ખંભાત.

હવા ખાવાનાં ઠેકાણાં—કચ્છમાં માંડવી, બાલાચડી, ગોપનાથ, ટુંગાર, પુરંધર, ખંડાળી, મહાબળેશ્વર, આબુ.

અરબી સમુદ્રને કાંઠે આવેલાં બંદર—કરાંચી માંડવી, દ્વારકાં, નવીબંદર, પોરબંદર, માંગરોળ, વેરાવળ, દીવબંદર, જાફરાબાદ, ભાવનગર, ઘોઘા, ધોળેરા, ખંભાત ભરૂચ, સુરત, મુંબાઇ, વસઇ, વિજયદુર્ગ, ગોવા, કારવાડ, હોનાવર.

જાત્રાનાં ઠેકાણાં.

વૈષ્ણવ લોકનાં—કોટેશ્વર, દ્વારકાં, ડાકોર, બહુચરાજી, અંબાજી, સિધપુર, શુકલતીર્થ, રેવાંજી, નાશક ત્રંબક, પંઢરપૂર, કાળકા.

શ્રાવકનાં—ગીરનાર, પાલીતાણા, શામળાજી.

સ્વામિનારાયણનાં—વડતાલ, મૂળી, ગઢડા, અમદાવાદ.

પારસીનું—ઉદવાડા.

અરબી સમુદ્રને મળનારી નદીઓ.

નદીનું નામ.	ક્યાંથી નીકળી.	ઉપર આવેલાં જાણવા લાયક શેહેર.
૧ સિંધુ.	હીમાલય પર્વતમાંથી.	સકર, બકર, હૈદ્રાબાદ, ઠઠ્ઠા, કરાંચી.
૨ ભાદર.	ભદાવુના ડુંગરમાંથી.	જસદણ, કુતીઆણું, જેતપુર, નવીબંદર.
૩ તાપી.	સાતપુડા પર્વતમાંથી.	બેધા, રાંદેર, માંડવી, સુરત.

ખંભાતના અખાતને મળનારી.

૧ શેત્રુંજી.	ગીર પર્વતમાંથી.	ધારી, પાલીતાણા, તળાજા.
૨ સાબરમતી.	મહીકાંઠાના ડુંગરમાંથી.	સાદરા, અમદાવાદ.
૩ મહી.	માળવાના ડુંગરમાંથી.	લુણાવાડા, ખંભાત.
૪ ઢાઢર.	રેવાકાંઠાના ડુંગરમાંથી.	ટંકારીઆ.
૫ નર્મદા.	સાતપુડા પર્વતમાંથી.	ચાણોદ, કન્યાળી, નાંદોદ, ભરૂચ.

૬ કીમ. ૭ સુખભાદર.

કચ્છના અખાતને મળનારી.

૧ બનાસ. શિરોહીના ડુંગરમાંથી. ડીસા, રાધનપુર.
૨ સરસ્વતી. ,, સિધપુર.
૩ ફુલકુ. ૪ મચ્છુ. ૫ ખાંભણ.

બંગાળાના અખાતને મળનારી.

૧ ગોદાવરી. સિંહાદ્રીપર્વતમાંથી. નાશીક.
૨ કૃષ્ણા. ,, જમખીંડી, કલાલપુર, સતારા.

નદીઓના સંગમ.

ભીમાને મળનારી.

૧ મુળામીઠા. સીંહાદ્રી પર્વતમાંથી. પુના.
૨ સીના. ,, અહમદનગર.
૩ નીરા.

કૃષ્ણાને મળનારી.

૧ ભીમા. સિંહાદ્રી પર્વતમાંથી. પંઢરપુર.
૨ પંચગંગા. ૩ તુંગભદ્રા. ૪ ઘટપ્રભા. ૫ મલપ્રભા. ૬ વારણા.

તાપીને મળનારી.

૧ પાંજરા. શિંહાદ્રી પર્વતમાંથી. ધુળીઆ.
૨ પુરણા. ૩ ગીરણા.

કાવેરીને મળનારી—અંબીકા, ખરેરા.
સાબરમતીને મળનારી—વાત્રક, ભોગાવો, હાથમતી, ખારી.
વાત્રકને મળનારી—મેશ્વો, શેઢી, માજુમ.

શેઢીને મળનારી—મોહોર, લુણી.
નર્મદાને મળનારી—ઉમરાવતી, ઓર વિગરે.

બેવડાં નામવાળાં.

કાઠિઆવાડ—સોરઠ. કરાંચી—દેવળગામ. અમદાવાદ—રાજનગર. સોમનાથપાટણ—પ્રભાસપાટણ. ઠઠ્ઠા—બ્રાહ્મણાબાદ. જામનગર—નવાનગર. ભદ્રેશ્વર—ભદ્રાવતીનગર. ખંભાત—સ્તંભનગર. કેરા—કપીલકોટ. સીધપુરપાટણ—અણહીલપુર પાટણ. માંડવી—રામબંદર. કારવાડ—સદાશીવગઢ. પોરબંદર—સુદામાપુરી. ધરમપુર—રામનગર.

નર્મદા—રેવાનદી. સીંધુ—ઇંડસ કે અટક. સિંહાદ્રી—પશ્ચિમઘાટ. શેત્રંજો—સિદ્ધાચળ.

જાણવા લાયક શેહેર અને તેમાં વખણાતી વસ્તુઓ.

બુરાનપુર—શેલાં, શાલ્લા. લીંબડી—સુડીઓ. પેંઠ—પાઘડી. પુના—સાડી. કડી—ઘી, બળદ, અર્ણીણ રૂ. પાટણ—પટોળાં, સુડી, માટીનાં રમકડાં. પાટડી—વરાગડુંમીઠું. પેથાપુર—સાડી, બાંધણી. કપડવંજ—કાચ, સાબુ. આમોદ—દેશીસરપુ. અમદાવાદ—કીનખાબ, મશરૂ. થાણા—અબોટીયાં. રાધનપુર—પથ્થર. આરાસુર—આરસપહાણના પથ્થર. ખંભાત—અકીકના પથ્થર, સુત્રફેણી. સુરત—પાપડી, બરફી. નડીઆદ—બાસુદી. ચોરવાડ, પુના—પાન. કાઠીઆવાડ, કચ્છ—ઘોડા. શિરોઇ—તલવાર. આત્રસુંબા—લોઢી, છરા. નાશક—ત્રાંબાપીતળનાં વાસણ. માંગરોલ—સોપારી. ભાલ—ઘઉં. કાસંદ્રા—ગોળ. વસઇ—ડાંગર. ધોળેરા—રૂ. ઝાલાવાડ—ઝુંમણાં. જામનગર—કંકુ. ભુજ—રેશમી, ઉનનું ભરત. હેદ્રાબાદ—સોનેરી ભરતર.

મુંબઈ ઈલાકાની ભૂગોળના સવાલો.

નકશાની પૂર્વ પશ્ચિમ દીશા શાથી જાણીએ?

૧ મુંબઈ ઇલાકામાં વહાણોનાં રક્ષણ થઇ શકે એવાં બંદરો કીયાં છે?

૨ મુંબઇ ઇલાકામાં મોટા પર્વતો કેટલા અને તે કીયા?

૩ ગુજરાતના જીલ્લા બોલો?

૪ જીલ્લો કોને કહીએ?

૫ સંસ્થાન એટલે શું અને એજન્સી કોને કહીએ?

૬ ખેડા જીલ્લાના તાલુકા બોલો?

૭ ગુજરાતમાં મોટી નદીઓ કઇ અને તે કયાંથી નીકળી કોને મળે છે?

૮ કોકણના જિલ્લા બોલો?

૯ ગુજરાતની એજન્સિઓ કઇ છે તે બોલો?

૧૦ ખાનદેશ એજન્સિનાં સંસ્થાન અથવા મુલક બોલો?

૧૧ નાશીક જિલ્લામાં મેળો કયાં ભરાય છે?

૧૨ મુંબાઇ ઇલાકામાં પોર્તુગીઝનાં સંસ્થાનો કીયાં છે?

૧૩ કાઠીઆવાડ એજન્સિમાં હિંદુલોકોનાં તીર્થ કીયાં છે?

૧૪ મુંબાઇ ઇલાકાના કેટલા ભાગ છે અને તે કીયા કીયા?

૧૫ મુંબાઇ ઇલાકાની પશ્ચીમ દીશાએ શું છે?

૧૬ રેવાકાંઠા એજન્સિનાં સંસ્થાન બોલો?

૧૭ કાઠીઆવાડ એજન્સિનાં પરગણાં બોલો?

૧૮ કાઠીયાવાડ એજન્સિના પ્રાંત બોલો અને મુખ્ય શેહેરો બતાવો?

૧૯ પોલીટીકાલ એજન્ટ એટલે શું?

૨૦ કચ્છ દેશમાં બંદરો કીયાં કીયાં છે?

૨૧ કચ્છ દેશનું શું વખાણાય છે?

૨૨ સિંધ દેશના જિલ્લા બોલો?

૨૩ ગાયકવાડના સંસ્થાનોમાં કેટલા ભાગ છે અને તેનાં મુખ્ય પરગણાં બોલો?

૨૪ સુરત એજન્સિનાં મુખ્ય શેહેરો બોલો ?

૨૫ પંચમહાલના તાલુકા બોલો?

૨૬ માલેગાવ, નંન્દુરબાર, હોનાવર, કુંપટે, વડોદરા, પાલણપુર, સમી, મુજપુર એ શું છે અને તે કયાં છે તે બતાવો?

૨૭ દક્ષિણમાહારાષ્ટ્ર દેશના તાલુકા સંસ્થાન અને જાગીર કહીજાઓ ?

૨૮ કૃષ્ણા, મહી, ભીમા, નીરા, આ નદીઓ કયાંથી નીકળી અને તેના ઉપર કીયાં ગામ છે?

૨૯ અમદાવાદનું શું વખાણાય છે?

૩૦ કપડવંજનું શું વખાણાય છે?

૩૧ રાજપીપળા, પાવાગઢ, ચાંપાનેર એ શું છે તે કહો અને બતાવો?

૩૨ મુંબઇ ઇલાકાની ઉત્તરે શું આવ્યું?

૩૩ કચ્છદેશની નદીઓ બોલો?

૩૪ વાત્યખુણો શેની વચ્ચે છે?

જાહેર ખબર.

ભરતખંડની ભૂગોળ આમારા તરફથી ટુંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. અગાઉથી ગ્રાહક થનાર પાસેથી રૂ ૦-૬-૦ લેવામાં આવશે. અને પછીથી રૂ ૦-૮-૦ લેવામાં આવશે. શાળાઓ ખરીદ કરનારને સેંકડે ૨૫ ટકા કમીશન આપીશું.

ભાઈશંકર કુબેરજી મેહેતા.

પ્રકાશક.